અવિશ્વાસના પ્રસ્તાવ પર નાણાંમંત્રીના વિપક્ષો પર પ્રહાર

કોંગ્રેસ સપના બતાવતી હતી, ભાજપ સપના સાકાર કરે છે

નવી દિલ્હી, તા.૧૦

કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારમણે ગુરુવારે (૧૦ ઓગસ્ટ, ૨૦૨૩) મોદી સરકાર સામે લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવ પર કોંગ્રેસ સહિતના વિપક્ષી નેતાઓની આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ સપના બતાવતી હતી અને ભાજપ સપના સાકાર કરે છે, અમારા અને તમારામાં આ જ ફરક છે.

નિર્મલા સીતારમણે કહ્યું હતું કે '૨૦૧૩માં મોર્ગન સ્ટેનલીએ ભારતને વિશ્વની ટોચની પાંચ નબળી અર્થવ્યવસ્થાઓની યાદીમાં સામેલ કર્યું હતું. આજે એ જ મોર્ગન સ્ટેનલીએ ભારતને ઉચ્ચ રેટિંગમાં અપગ્રેડ કર્યું છે. માત્ર ૯ વર્ષમાં અમારી સરકારની નીતિઓને કારણે અર્થવ્યવસ્થામાં સુધારો થયો અને કોવિડ હોવા છતાં આર્થિક વૃદ્ધિ થઈ છે. આજે ભારત વિશ્વમાં સૌથી ઝડપ થી વિકસતું અર્થતંત્ર છે.

કેન્દ્રીય નાણામંત્રીએ કહ્યું હતું કે ભારત તેના ભાવિ વિકાસને લઈને આશાવાદી અને સકારાત્મક બંને છે, ભારતને પ્રગતિના પંથે આગળ વધતા કોઈ રોકી શકશે નહીં. બનશે, મળશે જેવા શબ્દો હાલમાં પ્રચલિત નથી. લોકો આ દિવસોમાં બની ગયું, મળી ગયું જેવા શબ્દો બોલી રહ્યા છે.

યુપીએના કાર્યકાળમાં લોકો કહેતા હતા કે વીજળી આવશે, હવે લોકો કહે છે કે વીજળી આવી ગઈ છે. તેમણે કહ્યું કે ગેસ કનેક્શન મળશે, હવે તેમને ગેસ કનેક્શન મળી ગયું છે. તેમણે કહ્યું કે એરપોર્ટ બનશે, હવે એરપોર્ટ બની ગયું છે. અમારા અને કોંગ્રેસમાં તફાવત એ છે કે કોંગ્રેસ સપના બતાવે છે અને ભાજપ લોકોના સપના સાકાર કરે છે.

નિર્મલા સીતારમણે કહ્યું હતું કે ×હું એ વાતથી સહમત છું કે મણિપુર, દિલ્હી, રાજસ્થાન - ક્યાંય પણ મહિલાઓની વેદનાને ગંભીરતાથી લેવી જોઈએ. ત્યાં કોઈ રાજકારણ ન થવું જોઈએ પરંતુ આ ગૃહમાં દ્રૌપદીની વાત હતી, હું ગૃહને ૨૫ માર્ચ ૧૯૮૯ના રોજ તમિલનાડુ વિધાનસભામાં બનેલી એક ઘટનાની યાદ અપાવવા માંગુ છું.×

નિર્મલા સીતારમણે કહ્યું હતું કે , × ત્યારે તેઓ (જયલલિતા) સીએમ બન્યા ન હતા. તમિલનાડુની વિધાનસભામાં જયલલિતાની સાડી ખેંચાઈ હતી. તેઓ વિપક્ષના નેતા હતા. જ્યારે તે પવિત્ર ગૃહમાં તેમની સાડી ખેંચવામાં આવી ત્યારે શાસક ડીએમકેના સભ્યોએ તેમની સાથે ધક્કામુક્કી કરી હતી

વનડે વર્લ્ડ કપ ૨૦૨૩નું કાઉન્ટડાઉન શરૂ

વર્લ્ડ કપ પહેલાં કોલકાતાના ઈડન ગાર્ડન પર આગ લાગી

કોલકાતા, તા.૧૦

વનડે વર્લ્ડ કપ ૨૦૨૩નું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. વર્લ્ડ કપની ઘણી મેચો કોલકાતાના ઈડન ગાર્ડનમાં પણ યોજાવાની છે. આ સ્થિતિમાં વર્લ્ડ કપ પહેલા ઈડન ગાર્ડનમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. મળેલી માહિતી અનુસાર આગ ગઈકાલે લગભગ ૧૧.૫૦ વાગ્યે લાગી હતી. જે બાદ ફાયર બ્રિગેડની ૨ ગાડીઓ ઘટનાસ્થળે પ હોંચી હતી. જે બાદ આગ ઓલવવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું.

વર્લ્ડ કપ પહેલા કોલકાતાના ઈડન ગાર્ડનમાં રિનોવેશનનું કામ ચાલી રહ્યું હતું. આ દરમિયાન ગઈકાલે મોડી રાત્રે ઈડનના ડ્રેસિંગ રૂમમાં આગ લાગી હતી. ત્યાં કામ કરી રહેલા લોકોએ પહેલા આગ જોઈ હતી. જે બાદ ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડે બે એન્જિન દ્વારા આગ પર કાબુ મેળવ્યો હતો. રાત્રે આગ લાગવાના સમાચાર મળતા જ જોઈન્ટ સેક્રેટરી દેવબ્રત દાસ ત્યાં પહોંચ્યા હતા. તેમણે આગની ઘટના અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે આ મામલાની તપાસ કરવામાં આવશે અને આગ કેવી રીતે લાગી તે જોવામાં આવશે.

કોલસા ભરેલું જહાજ ONGC બ્રિજ સાથે ટકરાયું, મોટી દુર્ઘટના ટળી

સુરત,તા.૧૦

સુરતના ઓએનજીસી બ્રિજ પર ફરી એક વખત જહાજ બ્રિજ સાથે ટકરાયું હોવાની ઘટના સામે આવી છે. કોલસા ભરેલું જહાજ બ્રિજ સાથે ટકરાયું હતું. જો કે બ્રિજને કોઈ નુકશાન પહોંચ્યું નહોતું અને મોટી જાનહાની ટળી હતી. સુરતના હજીરા અને ઓએનજીસી પાસે દરિયા કિનારે મોટા જહાજો આવતા હોય છે. ત્યારે આજે સુરતના ઓએનજીસી બ્રિજ પર કોલસા ભરેલું મોટું જહાજ બ્રિજ સાથે ટકરાયું હતું.આજે ફરી એક વખત કોલસા ભરેલું જહાજ બ્રિજ સાથે ટકરાયું

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની છેલ્લી ગ્રુપ મેચ

ભારતનો પાકિસ્તાન સામે ૪-૦થી શાનદાર વિજય થયો

ચેન્નઈ, તા.૧૦

અહીંના મેયર રાધાકૃષ્ણન સ્ટેડિયમ ખાતે રમાયેલી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેની છેલ્લી ગ્રુપ મેચમાં ભારતે પાકિસ્તાનને ૪-૦થી શાનદાર હરાવ્યું હતું. આ સાથે આ ટુર્નામેન્ટમાં ભારતના અવિરત વિજયનો સિલસિલો જારી રહ્યો છે.

ટીમ ઈન્ડિયાએ ગ્રુપ સ્ટેજ બાદ પ ોઈન્ટ ટેબલમાં પોતાની પાંચેય મેચ જીતીને ટોચનું સ્થાન મેળવ્યું હતું. ભારત પહેલા જ સેમીફાઈનલ (જાપાન સામે રમશે)માં જગ્યા બનાવી ચૂક્યું હતું, જ્યારે પાકિસ્તાનની ટીમ આ હાર સાથે ટુર્નામેન્ટમાંથી બાદબાકી થઈ હતી.

ઈન્ડિયન ટીમે ફર્સ્ટ હાફના લગભગ અંતમાં પહેલો ગોલ કર્યો હતો. આ રીતે ભારતીય ટીમ મેચમાં ૧-૦થી આગળ રહી હતી. બીજા ક્વાર્ટરમાં ભારતીય ટીમ માટે કેપ્ટન હરમનપ્રીત સિંહે ગોલ કર્યો હતો.

હરમનપ્રીત સિંહે ૨૩મી મિનિટે આ ગોલ કર્યો હતો. આ રીતે ભારતીય ટીમ મેચમાં ૨-૦થી આગળ રહી હતી. આ પછી ત્રીજા ક્વાર્ટરમાં ભારતીય કેપ્ટન હરમનપ્રીત સિંહે ફરી બોલ ગોલમાં નાખ્યો. હરમનપ્રીત સિંહના આ ગોલ બાદ ભારતીય ટીમ મેચમાં ૩-૦થી આગળ થઈ ગઈ હતી. ચોથા ક્વાર્ટરમાં ભારતીય ટીમે ચોથો ગોલ કરીને પાકિસ્તાન પર ૪-૦ની સરસાઈ મેળવી લીધી હતી. ભારત વતીથી ચોથો ગોલ આકાશદીપ સિંહે કર્યો હતો. તે મેચનો પ્રથમ ફિલ્ડ ગોલ હતો. અગાઉ ત્રણેય ગોલ પેનલ્ટી કોર્નર દ્વારા કરવામાં આવ્યા હતા. આ પછી ચોથા ક્વાર્ટરમાં ભારતે ફરી ગોલ કર્યો, પરંતુ રેફરીએ તેને અમાન્ય જાહેર કર્યો. પરંતુ થોડી જ મિનિટો બાદ આકાશદીપ સિંહે ભારત માટે ચોથો ગોલ કર્યો હતો. આ રીતે ભારતીય ટીમ મેચમાં ૪-૦થી આગળ રહી હતી. ભારત તરફથી કેપ્ટન હરમનપ્રીત સિંહે ૨ ગોલ કર્યા હતા.

અહી એ જણાવવાનું કે વર્તમાન ટુર્નામેન્ટમાં ભારતની પ મેચોમાં આ ચોથી જીત છે. તેણે એક મેચ ડ્રો રમી છે. જ્યારે આટલી મેચોમાં પાકિસ્તાનની આ બીજી હાર છે. જ્યારે બે મેચ ડ્રો રહી છે જ્યારે તેણે એક મેચ જીતી છે.

મુંબઈમાં બંદૂકના અણીએ વેપારીનું અપહરણ

વેપારીના અપહરણ કેસમાં શિંદે જૂથના ધારાસભ્યના પુત્ર સામે ગુનો દાખલ

મુંબઈ, તા.૧૦

બંદૂકની અણીએ મુંબઈના એક વેપ ારીના અપહરણ કરવા બાબતે શિંદે જૂથના વિધાનસભ્ય પ્રકાશ સુર્વેના દિકરા સહિત કેટલાક લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ૧૦ થી ૧૫ લોકોએ બુધવારે ૯ ઓગષ્ટના રોજ બપોરે મુંબઈના ગ્લોબલ મ્યુઝીક જંકશનની ઓફિસમાં તોડફોડ કરી વેપારીનું અપહરણ કરી વિધાનસભ્ય પ્રકાશ સુર્વેની ઓફિસમાં લઈ જવામાં આવ્યો હતો. ત્યાં આ વેપારીને મારમારી સ્ટેમ્પ પેપર પર જબરદસ્તી સહી કરી કરારનામુ રદ કર્યાનું લખાવી લીધું હોવાનો આક્ષેપ ફરિયાદી રાજકુમાર સિંહે કરી છે.

મુંબઈના વનરાઈ પોલીસ સ્ટેશનમાં મનોજ મિશ્રા, પદ્માકર, રાજ સુર્વે, વિકી શેટ્ટી અને અન્ય ૧૦ થી ૧૨ અજાણ્યા લોકો સામે ગુનો દાખલ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. રાજકુમાર સિંહે ફરિયાદમાં કહ્યું કે, તેણે મનોજ મિશ્રા સાથે એક વર્ષનો કરાર કર્યો હતો. મનોજ મિશ્રાએ પૈસા પ છા ન કરતાં આ જ કરારનામુ બળજબરીએ રદ કરી ગાળો આપી મારપીટ કરી હતી. પ છી મને કાર્યાલયમાંથી જબરદસ્તી ખેંચીને કારમાં બેસાડી દહિસરમાં પ્રકાશ સુર્વેની ઓફીસમાં લઈ જવામાં આવ્યો હતો. અને ત્યાં જબરદસ્તી ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર મનોજ મિશ્રા સાથે થયેલ કરાર રદ કર્યો છે એમ લખાવી લીધું. ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે આ વ્યપરીને અપહરણકારો પાસેથી છોડાવ્યો હતો. પીડિત રાજકુમારના વકીલ સદાનંદ શેટ્ટીએ જાણકારી આપી કે, આ આખો મામલો સાડા આઠ કરોડ રુપિ યાનો છે. રાજકુમાર આદિશક્તિ ફિલ્મના માલીક અને આરોપી મનોજ મિશ્રાને સંગીત નિર્માણ માટે સાડા આઠ કરોડ રૂપિયા આપ્યા હતા.

આ અંગે વનરાઈ પોલીસ સ્ટેશનમાં સ્થાનીક વિધાનસભ્ય પ્રકાશ સુર્વેના દિકરા રાજ સુર્વે સહીત અન્ય લોકો સામે અપ હરણના કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

કોન્સ્ટેબલ ચેતન સિંહના ગોળીબાર કેસની તપાસ

જીઆરપીની ટીમે મુંબઈ સેન્ટ્રલ કાર શેડમાં ક્રાઈમ સીન રિક્રીએટ કર્યો

મુંબઈ, તા.૧૦

રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ)ના કોન્સ્ટેબલ ચેતન સિંહે ૩૧ જુલાઈની સવારે દોડતી ટ્રેનમાં કરેલા ગોળીબારમાં ચાર જણે જીવ ગુમાવ્યાની ઘટનાની તપાસના ભાગ રૂપે ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ની ટીમે કાર શેડમાં ઊભેલી જયપુર-મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસમાં ક્રાઈમ સીન રિક્રીએટ કર્યો હતો.

બોરીવલી રેલવે પોલીસ સ્ટેશનની જીઆરપીની ટીમ મંગળવારે મુંબઈ સેન્ટ્રલના કાર શેડમાં પહોંચી હતી. કાર શેડમાં ઊભેલી ટ્રેનના જે કોચમાં આરપીએફના એએસઆઈ અને ત્રણ પ્રવાસીઓની ગોળી મારી હત્યા કરવામાં આવી હતી તેમાં જીઆરપીની ટીમ ગઈ હતી. મુખ્ય સાક્ષીદારો અને આરપ ીએફના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં જીઆરપીની ટીમે ક્રાઈમ સીન રિક્રીએટ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

જોકે આરપીએફના કોન્સ્ટેબલ ચેતન સિંહને આ કવાયત દરમિયાન હાજર રખાયો નહોતો. નોંધનીય છે કે ચેતને તેના ઉપરી એએસઆઈ ટીકારામ મીણા અને અલગ અલગ કોચના ત્રણ પ્રવાસીની તેની ઓટોમેટિક રાઈફલથી ગોળીબાર કરી હત્યા કરી હતી. સિંહ અત્યારે જીઆરપીની કસ્ટડીમાં છે.

સિંહની પોલીસ કસ્ટડી વધારવાની માગણી કરતી સોમવારે કરાયેલી અરજીમાં જીઆરપ ીએ નોંધ્યું હતું કે તપાસ માટે સિંહને ગુનાના સ્થળે લઈ જવાનો છે. તપાસ કરનારી ટીમે ટ્રેનમાં લાગેલા સીસીટીવી કેમેરાનાં ફૂટેજ પ્રાપ્ત કર્યાં હતાં અને હત્યાકાંડની વધુ વિગતો મેળવવા તેની ચકાસણી કરી હતી. ટીમે સાક્ષીઓનાં નિવેદન પણ નોંધ્યાં હોવાનું અધિકારીનું કહેવું છે.

પોલીસના માર બાદ પોલીસ કર્મચારીના મોતની ભેદી ઘટના બની

જૂનાગઢ પોલીસના ઉદાસીન વલણને લઇ હાઇકોર્ટે જોરદાર ઝાટકણી કાઢી

જુનાગઢ,તા.૧૦

જુનાગઢમાં પોલીસમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતાં વ્યક્તિ પર કથિત પોલીસ અત્યાચાર અને રહસ્યમય સંજોગોમાં તેમના મોત પ્રકરણમાં જૂનાગઢ પોલીસ દ્વારા કોઈ જ કાર્યવાહી નહી કરવાના પ્રકરણમાં આજે ગુજરાત હાઇકોર્ટે જૂનાગઢ પોલીસના ઉદાસીન વલણને લઈ જોરદાર ઝાટકણી કાઢી. જુનાગઢમાં પોલીસના માર બાદ પ ોલીસ કર્મચારીના મોતની જે ભેદી ઘટના બની હતી. પોલીસ પર આક્ષેપો લગાવવામાં આવ્યા હતા જેમાં અમદાવાદ કોર્ટેના (છરઢીઞઞટઞઞટઞઞ ઝ્રીં) જસ્ટિસ સમીર જે. દવેએ આ બનાવ વખતે જે ઇન્ચાર્જમાં હતા તે જૂનાગઢ ડીએસપી રવિ તેજા વાસમ શેટ્ટી અને પીઆઈ એમ.એમ.વાઢેરને આવતીકાલે સવારે ૧૧ વાગ્યે રૂબરૂ હાજર રહેવા ફરમાન કર્યું છે. જસ્ટિસ સમીર જે.દવેએ જૂનાગઢ પ ોલીસની આકરી ટીકા કરતા કહ્યું કે, 'આ કેસમાં ડીવાયએસપી સામે ગંભીર આક્ષેપ ો છે અને પોલીસ કથિત મર્ડર કેસમાં પણ તપાસનં' નાટક કરે છે, કેસની કોઈ ગંભીરતા છે કે નહી? આ તમારા ડિપાર્ટમેન્ટના જ એક કર્મચારીના મોતનો મામલો છે.'જૂનાગઢ પોલીસમાં ડેપ્યુટેશન પર ડ્રાઈવર તરીકે ફરજ બજાવતાં બ્રીજેશભાઈ લાવડિયાની જૂનાગઢના વંથલી પોલીસ મથક વિસ્તારની એક વાડીમાંથી રહસ્યમય સંજોગોમાં લાશ મળી આવી હતી. જો કે, તેમના શરીર પર માર માર્યાના બહુ ગંભીર નિશાન મળી આવ્યા હતા. શરીર એટલા બધા સોળ પ ડેલા હતા કે, તેમનું માર મારવાના કારણે મૃ ત્યુ થયુ હોવાની આશંકા જન્મી હતી. મૃત્યુ પ હેલાં બ્રીજેશભાઈએ તેમના પુત્રને ફોન કરી જાણ કરી હતી કે, 'તેમને બહુ માર મારવામાં આવ્યો છે અને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. તું તારી માતાનું ધ્યાન રાખજે, એ પછી ફોન કટ થઈ ગયો હતો' પોતાના પિતાની રહસ્યમય સંજોગોમાં મળેલી લાશ પ્રકરણમાં તેમના પુત્ર દ્વારા ન્યાયિક તપાસ માટે હાઈકોર્ટમાં રિટ અરજી કરાઈ છે.

હાઈકોર્ટના હુકમ અનુસંધાનમાં અદાલત સમક્ષ હાજર રહેલા જૂનાગઢ એસપી હર્ષલ મહેતા અને પીઆઈએ તેઓ હમણાં જ અહીં પોસ્ટીંગમાં આવ્યા હોવાથી તેમને કેસ સંબંધી જાણકારી નહી હોવાનો બચાવ રજૂ કર્યો હતો. જેથી જસ્ટિસ સમીર જે.દવેએ તેઓને આ કેસ સંદર્ભે તાત્કાલિક કાયદાનુસાર કાર્યવાહી કરવા નિર્દેશ કર્યો હતો અને તા.૧૮મી ઓગસ્ટે નક્કર મટીરીયલ્સ સાથે રિપોર્ટ રજૂ કરવા હુકમ કર્યો હતો.

પોલીસ તરફથી બચાવ રજૂ કરાયો હતો કે, અમે ફ્જીન રિપોર્ટ અને વિશેરા રિપોર્ટની રાહ જોઈ રહ્યા છીએ પછી આગળની કાર્યવાહી કરીશું. જેથી જસ્ટિસ સમીર જે.દવેએ પ ોલીસનો ઉધડો લેતાં જણાવ્યું કે, 'માર્ચ મહિનાનો બનાવ છે અને તમે છેલ્લા પાંચ મહિનાથી તપાસનું નાટક જ કરી રહ્યા છો?' પોલીસ ડિપાર્ટમેન્ટના જ કોઈ કર્મચારી પર આટલો અત્યાચાર એ બહુ ગંભીર બાબત છે. વધુમાં તેમણે કહ્યું કે તેમણે આત્મહત્યા કરી કે તેમને તેમ કરવા મજબૂર કરાયા તે અલગ વાત છે.

કલેક્ટર અને મહિલાનો અંગત પળોનો વીડિયોનું સ્ટિંગ કરાયું હોવાની ચર્ચા

કલેક્ટરનો મહિલા સાથે કામલીલાનો વીડિયો વાયરલ થયા બાદ નવો ખુલાસો

આણંદ,તા.૧૦

આણંદના સસ્પેન્ડેડ કલેક્ટરનાં કથિત વીડિયો સામે આવ્યો હતો. ત્યારે ડી.એસ. ગઢવી સુરતમાં ફરજ પર હતા. તે સમગ દરમ્યાન આ વીડિયો સામે આવ્યો હતો. તેમજ કથિત વીડિયો જાન્યુઆરી મહિનામાં બનાવાયો હતો.

સસ્પેન્ડેડ કલેક્ટર ડી.એસ.ગઢવીને મળવા મહિલા સુરતથી આવી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. કલેક્ટર અને મહિલાનો અંગત પળોનો વીડિયોનું સ્ટિંગ કરાયું હોવાની ચર્ચા હાલ તો જોર પકડ્યું છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી કલેક્ટર અને અધિક નિવાસી કલેક્ટર વચ્ચે વિભાગ અને અન્ય કામોનાં વહીવટીની ભાગ બટાઈને લઈ વિવાદની ચર્ચા ચાલી રહી છે.

સમગ્ર વિવાદને લઈ સાથી અધિકારીઓનાં ઈશારે વીડિયો બનાવ્યો હોવાની હાલ તો ચર્ચાએ જોર પકડ્યું છે. અધિકારીની ચેમ્બરમાં સ્યાપ કેમેરા કોણે લગાવ્યા એ પણ એક સવાલ છે. ત્યારે છજી કક્ષાનાં અધિકારીની ચેમ્બરમાં આવા કેમેરા લગાવવા ક્રિમિનલ ગુનો છે. ત્યારે સસ્પેન્ડેડ કલેક્ટર ડી.એસ. ગઢવી આ અંગે ફરિયાદ કરી શકે છે.

સમગ્ર વિવાદને લઈ સાથી અધિકારીનાં ઈશારે વીડિયો બનાવ્યો હોવાની ચર્ચાઓ હાલ તો ચાલી રહી છે. ત્યારે અધિકારીની ચેમ્બરમાં સ્પાય કેમેરા કોણે લગાવ્યા એ પણ એક સવાલ છે. સમગ્ર મામલે મનુ પઢીયાર નામનાં અરજદારે અરજી કરી હતી. ત્યારે સીએમ કાર્યાલય સુધી અરજદારે ફરિયાદ કરી હતી. અરજદાર પાસે કથિત વીડિયો ક્યાંથી આવ્યો એ પણ એક સવાલ છે. અચાનક જ કલેક્ટરનાં વીડિયો અને સસ્પ ેન્શનને લઈ કલેક્ટર કચેરીમાં સોંપો પડી ગયો હતો. આણંદ કલેક્ટર ડી.એસ. ગઢવીને સસ્પેન્ડ કર્યા બાદ ડીડીઓ મિલિંદ બાપનાને ઈન્ચાર્જ કલેક્ટરનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. ઈન્ચાર્જ કલેક્ટર મિલિંદ બાપનાએ કલેક્ટર ચેમ્બરમાંથી તમામ વસ્તુઓ હટાવી દીધી છે. ચેમ્બરમાંથી તમામ મોમેન્ટે અને ગીફ્ટો પણ હટાવી દીધી છે. માત્ર તેઓની ચેમ્બરમાં માત્ર ૬ ખુરશી સિવાય બાકીનાં બધા ઉપકરણ હટાવ્યા.

કેનેડામાં લેબર શોર્ટેજને પહોંચી વળવા માસ્ટર પ્લાન

ભારતીયો માટે સરકારે નવો વેકેન્સી પ્રોજેક્ટ કર્યો શરૂ

નવી દિલ્હી, તા.૧૦

કેનેડાની સરકારે હવે લેબર શોર્ટેજને પ હોંચી વળવા માટે નવા પ્રોગ્રામની જાહેરાત કરી છે. જેમાં સપ્ટેમ્બરથી માન્યતા પ્રાપ્ત એમ્પ્લોયર પાયલોટ પ્રોજેક્ટમાં વેકેન્સી બહાર પાડી છે. તમને જણાવી દઈએ કે આ પ્રોગ્રામ ટેમ્પરરી ફોરેન વર્કર પ્રોગ્રામ હેઠળ શરૂ કરી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આનાથી સીધો ફાયદો ભારતીયો તથા અન્ય વિદેશીઓને થશે, એટલું જ નહીં કેનેડિયન એમ્પ્લોયર પાસે હવે આ પ્રોગ્રામની મદદથી વિદેશી કામદારોને મોટી જવાબદારી સોંપી વેકન્સી ફૂલફિલ કરવાની મોટી તક મળશે. આ પ્રોગ્રામની વાત કરીએ તો જેમાં એમ્પ્લોયરો લેબર માર્કેટ ઈમ્પેક્ટ એસેસમેન્ટનું એક્સેસ મેળવી લેશે જે ૩૬ મહિના સુધી માન્યતા ધરાવશે. સ્ટ્રૈંઇ એપ્લિકેશન પ્રોસેસ પણ આની સરળ રહેશે જેથી કરીને આગળ વધારે સમય ન લાગે. આનાથી ફાયદો એ થશે કે કેનેડિયન એમ્પ્લોયરને ટેમ્પરરી ફોરેન વર્કર પ્રોગ્રામ હેઠળ વિદેશી કામદારોની ભરતી કરવા માટે આ ટેસ્ટ પૂરી કરવી પડશે. કેનેડામાં નોકરી મેળવવા માટે હવે વિદેશી કામદારો પણ અપ્લાય કરી શકશે. જેમાં તેઓ યોગ્ય માપદંડો અને ટેસ્ટ જે છે તે પાસ કર્યા પછી કોન્ટ્રાક્ટ બેઝ પર કામ કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે ઘણા ક્ષેત્રો એવા છે જ્યાં લોકો કામ કરવા માટે તૈયારીઓ કરી રહ્યા છે. પરંતુ કેટલીક નીતિ એટલી ચુસ્ત હતી કે તેમને નોકરી મળવી મુશ્કેલ હતી. જેથી કરીને કેનેડિયન સરકારે લેબર શોર્ટેજને પહોંચી વળવા માટે એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. જેમાં ૩૬ મહિના સુધી એમ્પ્લોયર આ પ્રોગ્રામ હેઠળ કારીગરોને હાયર કરી શકે છે. સરકારે ત્રણ પગલાં નક્કી કર્યા છે.

સરકારે માંગણી ના સ્વીકારતા કર્યો નિર્ણય

મહિસાગર જિલ્લામાં સરકારી શિક્ષકોએ આંદોલનનો માર્ગ અપનાવવાનો નિર્ણય લીધો

મહિસાગર,તા.૧૦

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના આદેશ મુજબ મહિસાગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક તમામ શાળામા ખેલમહાકુંભના રજીસ્ટ્રેશનનો બહિષ્કાર કરશે. સરકારની ખાતરી છતાં માંગણી ન સંતોષાતા ખેલમહાકુંભનો બહિષ્કાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની તમામ આચાર્ય, સંચાલકને રજૂઆત કરાઈ હતી. જિલ્લામાં ૩૦૦ સ્કૂલોમાં ખેલમહાકુંભનું રજિસ્ટ્રેશન કરાશે નહીં.

સરકાર દ્વારા ખાતરી આપવામાં આવી હતી છતાં આજ સુધી તેમના પ્રશ્નોનો ઉકેલ ના આવતા જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા સંઘના આદેશનું પ ાલન કરશે. ખેલમહાકુંભના રજીસ્ટ્રેશનના બહિષ્કારના કારણે તેના કાર્યક્રમ પર અસર પ ડી શકે છે. આગામી સમયમાં ધરણા પ્રદર્શન પણ કરવામાં આવશે.ગયા મહિને સરકારે જાહેરાત કરી હતી કે પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયક હેઠળ ૨૬,૫૦૦ શિક્ષકોની કરાર આધારિત નિમણૂક કરવામાં આવશે. પ્રાથમિક શાળા માટે ૧૫,૦૦૦ અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળા માટે ૧૧,૫૦૦ જ્ઞાન સહાયકની ભરતી કરવામાં આવશે. સાથે જ રાજ્ય સરકાર ખેલ સહાયક યોજના અંતર્ગત પ૦૭૫ ખેલ સહાયકની કરાર આધારિત નિમણૂંક કરશે. કરાર આધારિત નિમણૂંક મેળવેલ ઉમેદવારોને ૨૧૦૦૦ ઉચ્ચક માનદ વેતન આપવામાં આવશે.રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ નિયમિત ભરતી પદ્ધતિથી ભરવામાં ના આવે ત્યાં સુધી વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યમાં વિક્ષેપ ઉભો ન થાય તે હેતુથી જ્ઞાન સહાયક શિક્ષકોની કરાર આધારિત નિમણૂંક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હાઈકોર્ટની ફટકાર બાદ જાગી મનપા

વડોદરા મહાનગરપાલિકા નવી ઢોર નિયંત્રણ પોલિસી લાવી

વડોદરા,તા.૧૦

હાઈકોર્ટની સૂચના મુજબ અમદાવાદ બાદ હવે વડોદરામાં પણ નવી ઢોર નિયંત્રણ પોલિસી બનાવાઈ છે. પોલિસીમાં જરૂરી સૂચનો સાથેની દરખાસ્ત સ્થાયી સમિતિ થકી સામાન્ય સભાની મંજૂરી માગવામાં આવી છે. વડોદરા મહાનગરપ ાલિકાના સૂચનોમાં મુખ્યત્વે રખડતા પશુઓના કારણે મૃતકના પરિજનોને રૂપિયા ૫ લાખનું વળતર અને ઈજાગ્રસ્તને ૫૦ હજારના વળતરનું સૂચન કરાયું છે. એક જ પશુ મલિક ત્રીજી વખત ગુનો કરે તો બિન જામીનપાત્ર ગુનો અને ઢોરવાડા કાયમી બંધ કરવાનું સૂચન પણ કરાયું છે.

બીજીતરફ જાહેરમાં ઘાસ વેચતા લોકો સામે જાહેરનામા ભંગ, પશુઓ સાથે ભાગતી બાઈકર્સ ગેંગ સામે કાયદાકીય કાર્યવાહી, ઢોર પાર્ટીની મુવમેન્ટના મેસેજ કરનાર પશુ પાલકો સામે સાયબર ક્રાઈમ વિભાગ થકી ફરિયાદનું સૂચન કરાયું છે. મહત્વની બાબત એ છે કે રખડતા ઢોરને કારણે મૃતકના પરિવારજનોને રૂ. ૫ લાખ અને ઈજાગ્રસ્તને રૂ. ૫૦ હજારના વળતરની વસૂલાત પશુપાલક પાસેથી કરવાની જોગવાઈનું સૂચન કરાયું છે.

બીજીતરફ રખડતા પશુના આતંક મામલે અમિત ચાવડાએ રાજ્ય સરકાર અને કોર્પોરેશન સામે આકરા પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે- મૃતકને વળતર આપવું તે પૂરતું નથી. આવી ઘટનાઓ રોકવી જોઈએ. સરકારને લોકોના જીવની ચિંતા નથી.

મોટાભાગની એક જ સમુદાયની હતી

નૂહ હિંસા પછી હરિયાણા સરકારે ૧૨૦૦ થી વધુ ઇમારતો પર બુલડોઝર ફેરવી દીધુ

નવી દિલ્હી, તા.૧૦

હરિયાણાના નૂહ જિલ્લામાં શોભા યાત્રા દરમિયાન પથ્થરમારો બાદ ફાટી નીકળેલી હિંસા બાદ હવે પોલીસ કાર્યવાહી ચાલી રહી છે. નૂહ બાદ ચારે બાજુ ફેલાયેલી આ હિંસામાં ૬ લોકોના મોત થયા હતા અને ૮૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. જે બાદ હવે બુલડોઝરની કાર્યવાહી પણ ઝડપથી થઈ રહી છે, ખટ્ટર સરકારે ઘણા લોકોના ઘરો પર બુલડોઝરની કાર્યવાહી કરી છે, જેમાંથી મોટાભાગના ઘરો મુસ્લિમોના છે.

૧૨૦૦ થી વધુ ઈમારતો તોડી પાડવામાં આવી છે જેમાં મકાનો અને દુકાનો પણ સામેલ છે. નુહ જિલ્લામાં માત્ર પાંચ દિવસમાં ૧,૨૦૮ ઈમારતો અને અન્ય બાંધકામો, જેમાંથી મોટાભાગની મુસ્લિમ સમુદાયની છે, તોડી પાડવામાં આવી હતી. જ્યારે કેટલાક પત્રકારો ઘટનાસ્થળે પ હોંચ્યા અને પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે તોડી પાડવામાં આવેલી મોટાભાગની મિલકતો મુસ્લિમોની છે. વધુમાં, ૭ ઓગસ્ટના રોજ, પ ંજાબ અને હરિયાણા હાઈકોર્ટે પણ આ મામલામાં હસ્તક્ષેપ કરીને હરિયાણા સરકારને પૂછ્યું કે શું સરકાર બુલડોઝરની કાર્યવાહીના એકતરફી સ્વભાવને ધ્યાનમાં રાખીને ×વંશીય સફાઈમાં સામેલ છે.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in

પાણી અંગેની અગત્યની જાહેરાત

આથી જાહેર જનતાને જણાવવાનું કે, કપુરાઇ ટાંકી ખાતે નવીન બનેલ સંપને હયાત સંપ સાથે જોડાણ કરવાની અગત્યની કામગીરી તા.૧૧.૦૮.૨૦૨૩ ના શુક્રવારના રોજ હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેથી કપુરાઇ ટાંકીના કમાન્ડ વિસ્તારમાં શુક્રવાર તા.૧૧.૦૮.૨૦૨૩ ના રોજના બપોર પછીના ઝોનમાં પાણી અપાતા વિસ્તારમા પાણી આપવામા આવશે નહીં તથા તા.૧૨.૦૮.૨૦૨૩ શનિવારના રોજના સવારના ઝોનમાં પાણી અપાતા વિસ્તારમા પાણી આપવામા આવશે નહીં તેમજ ક